રજુ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૮/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ : માસ : દિવસ :
૦૦ : ૦૦ : ૦૯ :

# આણંદ જીલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. પેટલાદ.

ફોજદારી પરચુરણ અરજી **નં.–૮૧/૨૦૨૬.**
**આંક :**

**જયેન્દ્રભાઈ ઉર્ફે જયેશભાઈ રાજેન્દ્રભાઈ પટેલ.**
ઉ.વર્ષ.૩૯, ધંધો.ખેતી.
રહે. ખડા, પટેલ ફળીયું, તા.તારાપુર, જી.આણંદ.
(હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત)

... અરજદાર

**વિરૂધ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી**

અરજદાર તરફે : વિ. વકીલ શ્રી પી.ડી.જોષી
સામાવાળા તરફે :વિ.એડી. પી. પી. શ્રી જે.એચ.રાઠોડ

## –:: ઠ રા વ ::–

(૧) આ કામનાં અરજદાર/આરોપીને **પેટલાદ ટાઉન પો.સ્ટે. ના** ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૬૦૨૮૩/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ –૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) ના કામે અટક કરેલ હોય, અરજદાર /આરોપીએ નીચેની કોર્ટમાં મુકેલી જામીન અરજી નીચેની

કોર્ટે નામંજુર કરતા અત્રેની અદાલતમાં બી.એન.એસ. ની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપી નાઓએ એકબીજાના મેળાપીપણામાં પુર્વયોજીત ગુનાહિત કાવતરું રચી આરોપી નં.૧ અને ૨ પીનલબેનના પુત્રો ન હોવા છતાં તેમજ પચાસ વર્ષથી વધુ ઉંમરના હોવા છતાં ખોટી વય દર્શાવી ખોટું હયાતી પેઢીનામું અને ખોટા સોગંદનામાના આધારે મોજે પાળજ ગામની જમીનમાં ખોટી વારસાઈ નોંધ મંજુર કરાવી લીધેલ હતી તેમજ ત્યાર બાદ આ ખોટી નોંધના આધારે મેળવેલ ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો સાચા તરીકે ઉપયોગ કરી બાવળાના ગાગડ ગામે ખેતીની જમીન ખરીદી સરકાર તેમજ જાહેર જનતા સાથે છેતરપીંડી આચરેલ અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપીની સદરહુ ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલ મુજબ, અરજદાર/આરોપીએ કહેવાતો ગુનો કરેલ ન હોવા છતાં ફરીયાદી ધ્વારા ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપી ધ્વારા કોઈ પેઢીનામું ખોટું બનાવીને કોઈ ખોટુ કૃત્ય કરેલ હોય અને તેઓએ કોઈ ખોટી સહીઓ કરી ખોટા દસ્તાવેજો ઉભા કરેલ હોવાની કોઈ હકીકત ફરીયાદ જોતા જણાય આવેલ નથી. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કોઈ આર્થિક લાભ મેળવેલ હોય અથવા તો કોઈ કિંમતી જામીનગીરી ખોટી રીતે આપી દીધેલ હોવાનો કોઈ આક્ષેપ નથી. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી.

ધ્વારા સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. તથા અન્યના ચુકાદામાં તેમજ સતેન્દરકુમાર અનટીલ વિરુધ્ધ સી.બી.આઈ. ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાને રાખી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે આક્ષેપીત ગુના સંબધેની કલમો મુજબ અરજદાર/આરોપી સામેની સજાનું તહોમત ફાંસી કે આજીવન કેદનું નથી. વિ.વ.શ્રી ની રજુઆત મુજબ આ કામના અરજદાર/આરોપી જામીન અરજીમાં દર્શાવેલા સરનામાના કાયમી રહીશ છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી કે પુરાવા સાથે ચેડા કરી ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કૃત્ય કરે તેવા ન હોય, નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપતા હોય, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા આ કામે સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી ધ્વારા ભારપુર્વક રજુઆત કરેલી કે, આ કામે અરજદાર/આરોપી તથા અન્ય આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબનો ગંભીર ગુનાનો આરોપ છે. હાલના ગુના સંબધેની તપાસ ચાલુ છે અને જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય શકે છે તથા પુરાવા સાથે ચેડા થવાની પુરેપુરી સંભાવના રહેલ છે તેમજ નાસી-ભાગી જાય તેમ હોવાથી અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલી છે. વિ. સરકારી વકીલશ્રી મારફતે તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી સોગંદનામુ રજુ કરેલુ છે.

(૫) ઉભય પક્ષે લંબાણ પુર્વક સાંભળ્યા. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ, એફ.આઈ.આર. ની નકલ અને કેસ પેપર્સ ધ્યાને લેવામાં આવ્યા. કેસ પેપર્સ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના અરજદાર/આરોપી તથા

અન્ય આરોપી વિરુધ્ધ બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબનો આક્ષેપ છે. અરજદાર/આરોપી તથા અન્ય આરોપીનાઓએ ખોટું પેઢીનામું તથા ખોટા સોગંદનામાના આધારે પાળજ મુકામે જમીનમાં ખોટી વારસાઈ નોંધ મજુર કરાવેલ અને તે નોંધના આધારે ખેડુત ખરાઈ પ્રમાણપત્ર મેળવેલ અને તેનો બાવળાના ગાગડ ગામે ખેતીની જમીન ખરીદી સરકાર તથા જાહેર જનતા સાથે છેતરપીંડી કરેલ અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનો ગંભીર આરોપ છે તથા સદર ગુના સંબધેની ફરીયાદમાં ફરીયાદીએ અરજદાર/આરોપીનું નામ લખાવેલ હોવાનું જણાય આવે છે <u>પરંતુ ફરીયાદીની ફરીયાદ તથા સદર ગુનાની તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપી દ્વારા ખોટું પેઢીનામું બનાવવામાં કોઈ મદદગારી કરેલ હોય કે તેઓ દ્વારા કોઈ સહી કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદમા ખુલવા પામેલ નથી. વધુમાં સદર ગુના સંબધે તપાસ કરનાર અધિકારીએ રીપોર્ટ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા સદર ગુનાની તપાસના કામે અરજદાર/આરોપીની વધુ જરૂરીયાત રહેલી નથી. અરજદાર/ આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની રહેલી નથી.</u> અરજદાર/આરોપીની હાલના ગુનાના કામે છેલ્લા કેટલાંક દિવસોથી જયુડીસ્યલ કસ્ટડીમાં છે. સદર ગુનાનો ટ્રાયલ ચાલતાં સમય લાગે તે સ્વાભાવિક છે. અરજદાર/આરોપી સામે ગંભીર ગુન્હો હોવાથી અને સમાજમાં માત્ર દાખલો બેસાડવાના હેતુથી ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે, ગુન્હો સાબીત થાય તે પહેલાં સજા થયાનું ગણાય તે રીતે ટ્રાયલ પુરી થતાં સુધી જો હાલના અરજદાર/આરોપી ને જેલમાં રાખવામાં આવશે તો તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થવાની શકયતા રહેલી છે તેમજ બંધારણના હકકો મુજબ અરજદાર/આરોપીની સ્વતંત્રતા ન જોખમાય તે બાબત ધ્યાનમાં રાખી અરજદાર/આરોપી ટ્રાયલ માટે ઉપલબ્ધ થાય અને સાક્ષી–પુરાવાઓ

સાથે ચેડા ન કરે તે માટે યોગ્ય શરતોને આધીન અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવા યોગ્ય જણાઈ આવતી હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **– : : હુકમ : : –**

૧. આ કામના અરજદાર/આરોપી **જયેન્દ્રભાઈ ઉર્ફે જયેશભાઈ રાજેન્દ્રભાઈ પટેલ,** રહે. ખડા, પટેલ ફળીયું, તા.તારાપુર, જી.આણંદ. (હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત) નાઓની આ જામીન અરજી આથી **'' મંજુર ''** કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ **રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના એક સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા **નીચેની સંબંધીત અદાલત સમક્ષ** રજુ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન આ કામનાં ગુન્હામાં જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં, તેમજ ફરીયાદપક્ષના સાક્ષીને ધાક ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશીશ કરવી નહીં.

૨. અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

૩. અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૪. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું નીચેની અદાલતમાં જાહેર કરવું.

**૫.** અરજદાર/આરોપીએ જામીન નીચેની અદાલતમાં આપવા.

**૬.** અરજદાર/આરોપી બેન્કમાં ખાતુ ધરાવતા હોય તો તેઓના નામના ખાતાની પાસબુકની નકલ દિન–૧૦ માં નીચેની અદાલતમાં રજુ કરવી અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું નીચેની અદાલતમાં રજુ કરવું.

**આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા નીચેની અદાલતને યાદી કરવી.**

આ ચુકાદો આજ તારીખ–૧૮, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૮/૦૬/૨૦૨૬ **(ઝંખના વી. ત્રિવેદી)**
સ્થળ :– પેટલાદ. બીજા અધિક સેશન્સ જજ, પેટલાદ
**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*